સ્કુમ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા  ઈકોફ્રેન્ડલી ગણપતિ પ્રતિમાનું  સર્જન તથા વિસર્જન

પ્રતિ,
તંત્રીશ્રી

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ડ્રાઈવ-ઈન રોડ પર આવેલ શકરીબેન ચતુરભાઈ પટેલ પ્રિ-પ્રાયમરી સ્કૂલ તથા કાન્તિભાઈ કાળીદાસ પટેલ સ્કૂલના વિદ્યાર્થીઓને ગણેશ ચતુર્થીના તહેવારની ઉજવણીના ભાગરૂપે વિવિધ વસ્તુઓમાંથી જેવી કે લોટ, ક્લે, મોટી તથા ન્યૂઝ પેપરના માવામાંથી શિક્ષકોએ વિડિયો દ્વારા ઈકોફ્રેન્ડલી ગણપતિ બનાવતા શીખવ્યું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો અને જુદી-જુદી વસ્તુઓમાંથી ગણપતિ દાદા બનાવ્યા અને તેમનું પૂજન કર્યું. ત્યારબાદ તેમને ઘરે જ ગણપતિ દાદાની પ્રતિમાનું વિસર્જન પણ કર્યું. વિદ્યાર્થીઓએ તેના ફોટોગ્રાફ વોટ્સએપ દ્વારા વર્ગશિક્ષકને મોકલ્યા, આમ અનોખી રીતે ગણેશોત્સવ ઉજવવામાં આવ્યો.